**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૧.૮ ડીગ્રી
લઘુતમ : ૨૪.૨ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૮૫ ટકા

# આ વર્ષે વિસરાતા પ્રાચીન ગરબા રજૂ કરાશે

## શકિતની ભકિતના આ પર્વમાં દેશ-ભકિતનો રંગ નિખરશે : નવલી નવરાતના ગરબામાં માતાજી અને કૃષ્ણ ભકિતનો સમન્વય જોવા મળશે

ગાંધીનગર, તા.૨૬

નવલી નવરાતમાં ગરબે ઘૂમવા ખેલૈયાઓ થીરકી રહ્યા છે. વરસાદી માહોલ વચ્ચે ગરબા મેદાનની સજાવટ કરવામાં આવી રહી છે ત્યારે સૂર શબ્દ અને સંગીતના સથવારે મંચ પરથી માતાજીના ગરબા રજૂ કરવા ગાયક કલાકારો પણ કાંઈક નવા મૂડમાં છે. વિસરાતા પ્રાચીન ગરબાને રીધમની પેર્ટન બદલી રજૂ કરવા ઉત્સુક છે. શકિતની ભકિતના આ પર્વમાં દેશભકિતનો રંગ પણ નીખરશે.

**● પ્રહર વોરા**

આ વર્ષે અમે ગાંધીનગરનો ગરબો ઉમેર્યો છે. ગરબાની શરૂઆત



તો 'હે મા શકિત સ્વરૂપા' થી જ કરીશું એ સાથે 'સોના સરવૈયાને કાંઠડે', 'ઢોલીડા ઢોલ ધીમો ધીમો વગાડ મા', 'અલી બઈ હવે હું નઈ...' જેવા ગરબાને રીધમની પેટર્ન બદલીને ગાઈશું સાથે સાથે રાસમાં 'કુંજ બિહારી...' અને 'ઓ બાલમાને કહેજો રે..' નામના રાસ આ વર્ષે અમે ઉમેર્યા છે.

**● અમીત ઠક્કર અને દિપ્તી દેસાઈ**

આ વર્ષે અમે પ્રાચીન ગરબાના એલીમેન્ટને બહાર લાવવાનું વિચાર્યુ છે. નવરાત્રીમાં મનોરંજન મળશે જ. પરંતુ પ્રાચીનતા ભૂલાશે



તે નહિ ચાલે.. અમે ગરબાના અર્થને પણ સમજીને ગરબાની પસંદગી કરી છે. જેમાં માતાજી અને શ્રીકૃષ્ણની ભકિતના સાયુજયનો છે. 'મા તું પાવાની પટરાણી ભવાની માં કાલી રે લોલ...', સાથે 'રંગે રમે રે સંગે રમે, રાધાને કૃષ્ણ આજ રંગે રમે...'થી રાધા-કૃષ્ણ કઈ રીતે રમે તે વર્ણવાશે. દેશ ભકિત પણ સંસ્કારનો ભાગ છે એ ધ્યાનમાં લઈ રાગ ભૈરવીની અંદર મેડલી બનાવી ગરબાનું ફોર્મ જળવાય તે રીતે 'જનનીના હૈયામાં પોઢન્તિ' જેવા ગરબાની અંદર શૌર્યતાનો અનુભવ કરાવીશું.

**● જગદીપ મહેતા**


ખમ્મા ખમ્મા નામના ગરબો એ મારો ફેમસ ગરબો છે. અને ફિલ્મી ટયુન ન લઈ અમે ખેલૈયાઓની જીભે ચઢેલા જૂના ગરબા ગાવાનું વધુ પસંદ કરીશું. 'અંબે માના ઊંચા મંદીર, એવા સાત સાત દેવી..', 'અંબર અલય પદ...', 'મૈયાનો મંડાણ...', 'સવા વચનો



વાળુ દાંતરડુ', 'સોના અને અજમણ..' જેવા ગરબા આ વર્ષે ગવાતા વધુ પસંદ કરીશું. અને જે ગરબા ભૂલાઈ રહ્યા છે તેને પાછા લાવી રહ્યા છીએ. પરંતુ તે ગરબાને અલગ રીધમમાં ગાઈ તથા વગાડી ખેલૈયાઓને ગરબો ઘૂમાવીશું.

**● દર્શના ગાંધી**

ટ્રેડિશનલ ગરબા ગાવાની જે મજા છે એ બીજા એક પણ ગરબામાં નથી. મેં મારા પ્લે લિસ્ટમાં ૩ થી ૪ ગરબા ઉમેર્યા છે. જેમાં 'ગોરી પૂનમની થાય ના અમાસ તમે આવો રમી રાસ...', 'બાવરી બાવરી વિભાવરીના કાજલમાં કંકુનું પગલું પારખ્યું...' સાથે 'દાદા માડીના ફૂલ રાતા ઝુલણ લ્યો વણઝારી...' આ ઉપરાંત રાજસ્થાની ગરબા પણ ઉમેરવાની આ વખતે ઈચ્છા છે તથા ગરબી માથે લઈ રમાય ત્યારે



ગવાતો ગરબો 'હું તો ફુલારો ગરબો લાવી માતાજી ગરબે ઘુમો રે ગરબે ઘુમો....' આ સિવાય રિધમમાં વેરીએશન આપીને ખેલૈયાઓને તાલ પર રમવાની મજા કરાવીશું.



ભારતીબાપુની વ્યાસપીઠે યોજાયેલ ભાગવત કથામાં શહેરના કથા પ્રેમીઓ તથા સંતો, કથાકારો, વાસ્તુશાસ્ત્રી પ્રખર બ્રાહ્મણો તથા અગ્રણીઓ ભાગ લઈ રહ્યા છે.

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં 'મહિલા શકિત કેન્દ્ર' યોજના જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૬

ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલયની મહિલા શકિત કેન્દ્ર યોજના વિશે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં સમાજકાર્ય વિભાગ દ્વારા જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મહિલા કલ્યાણ અધિકારી તન્વીબેન ચાવડા, જિલ્લા કો. ઓર્ડિનેટર દામિનીબેન ગજ્જર અને જિલ્લા કો ઓર્ડિનેટર વિધિબેન પટેલે તજજ્ઞ તરીકે સેવાઓ આપી હતી. ચિલ્ડ્રન્સ યુનિ.માં સમાજકાર્ય વિભાગના અધ્યક્ષ ડૉ. નીલેશ પંડયાએ સૌને આવકારીને સશકત મહિલા એ ઉજજવળ રાષ્ટ્ર માટેની મૂડી છે તેમ જણાવીને સૌને અભિપ્રેરીત કર્યા હતા.

આ કાર્યક્રમમાં મહિલા કલ્યાણ અધિકારી તન્વીબેન ચાવડાએ મહિલા શકિત કેન્દ્ર યોજના વિશે વિદ્યાર્થીઓને માહિતી આપી હતી. જિલ્લા કો. ઓર્ડિનેટર દામિનીબહેન ગજ્જર અને વિધિબેન પટેલે મહિલાઓની સ્થિતિ, મહિલાઓના પ્રશ્નો સ્વ બચાવ માટે ફિલ્મ અને વકતવ્ય દ્વારા વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા.

સમાજકાર્ય વિભાગના અધ્યાપક નિલેશ રાઠોડ અને રીનાબહેન રાઓલે કાર્યક્રમમાં કામગીરી કરી હતી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન ડૉ. ક્રિષ્ટીના પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું.

## મુવી હાઉસ

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**

● **ડ્રીમગર્લ**
૧૦.૦૦, ૧૧.૩૦, ૨.૨૦, ૩.૪૦, ૫.૧૦, ૮.૦૦, ૯.૩૦, ૧૦.૪૫

● **છીછોરે**
૧૦.૦૦, ૧.૦૫, ૪.૧૦, ૭.૧૫, ૧૦.૧૫

● **સેકશન ૩૭૫**
૧૨.૫૦, ૬.૩૦, ૯.૪૫

● **એબોમીનેબલ (અંગ્રેજી)**
૧૦.૩૦, ૧૨.૪૫, ૩.૦૦, ૫.૧૫, ૭.૩૦

# કામધેનુ યુનિવર્સિટી દ્વારા મોટી આદરજ ગામે પશુપાલન પ્રશિક્ષણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૬

કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા તા. ૨૬ સપ્ટેમ્બર, ૨૦૧૯ના રોજ મોટી આદરજ ગામે તા. જિ. ગાંધીનગર ખાતે એક દિવસીય પશુપાલન પ્રશિક્ષણ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં અધ્યક્ષ સ્થાને કામધેનુ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. એન. એચ. કેલાવાલા, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી ડૉ. પી. એચ. વાટલિયા, દૂધ ઉત્પાદક મંડળીના પ્રમુખશ્રી ચમનજી ઠાકોર, સરપંચ શ્રીમતિ ગૌરીબેન ઠાકોર, અંબાજી મંદિર ટ્રસ્ટના પ્રમુખશ્રી મોહતજી ઠાકોર, આગેવાનો અને બહોળી સંખ્યામાં પશુપાલક બહેનો ઉપસ્થિત રહ્યા હતા.



કુલપતિશ્રી ડૉ. એન. એચ. કેલાવાલાએ જણાવ્યું હતું કે કામધેનુ યુનિવર્સિટી પશુપાલકોના હિત માટે એક દશકથી કાર્યરત છે અને પશુપાલકોને મુંઝવતા પ્રશ્નોનાં નિરાકરણ માટે તત્પર છે. એ ઉદેશ્યથી આજના કાર્યક્રમનું આયોજન કરેલ છે. આજના આધુનિક યુગમાં આવકમાં વધારો કરવા વૈજ્ઞાનિક પશુપાલન અપનાવવું ખુબ જરૂરી છે.

આ પ્રસંગે કામધેનુ યુનિવર્સિટીના વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી ડૉ. પી.એચ. વાટલિયાએ પરંપરાગત પશુપાલનથી આધુનિક અને વૈજ્ઞાનિક પશુપાલન તરફ આગળ વધીશું તો ચોક્કસ પ્રગતિ થશે તેમ જણાવી સ્વચ્છ દૂધ ઉત્પાદનનું મહત્વ સમજાવ્યું હતું.

કાર્યક્રમમાં નિષ્ણાંતો દ્વારા પશુપાલકોને મુંઝવતા પ્રશ્નોનું નિરાકરણ લાવવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અંદાજિત ૩૦૦ થી વધુ પશુપાલક મહિલાઓ તથા ભાઈઓ ઉપસ્થિત રહી ઉત્સાહભેર ભાગ લીધો હતો.

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લા રોહિત સમાજ વિકાસ મંડળની જનરલ સભા યોજાઈ





ગાંધીનગર, તા.૨૬

સાબરકાંઠા અરવલ્લી જિલ્લા રોહિત સમાજ વિકાસ મંડળ ગાંધીનગરની જનરલ સભા ૧લી સપ્ટેમ્બર ૨૦૧૯ના રોજ આંબેડકર હોલ સેકટર-૧૨ ગાંધીનગર ખાતે મળી હતી. તેમાં સર્વાનુમતે કમિટીની રચના કરવામાં આવી હતી.

જેમાં પ્રમુખ તરીકે કલ્પેશકુમાર એમ. પરમાર (વિરપુર), ઉપપ્રમુખ તરીકે બી.કે. દેસાઈ (ભિલોડા), અમૃતભાઈ એલ. પરમાર (પુનાસણ), મંત્રી તરીકે મનુભાઈ રાઠોડ (શિણોલ), સહમંત્રી તરીકે શૈલેશકુમાર પરમાર (અંકાલા), પ્રવિણભાઈ રાઠોડ (આડા હાથરોલ), ખજાનચી તરીકે દિનેશભાઈ રાઠોડ (આડા હાથરોલ), આંતરિક ઓડીટર તરીકે અરુણ પરીખ (મઊ), કારોબારી સભ્ય તરીકે નટવરલાલ ચંદ્રરાવ (મોડાસા), નરેન્દ્રભાઈ પી. સોલંકી (લીલછા), કૌશિકભાઈ પરમાર (વિરપુર), રામજીભાઈ પરમાર (પુનાસણ), સલાહકાર તરીકે કિરણકુમાર એલ. પરમાર (વિરપુર), રવિન્દ્રકુમાર ભુનાતર (હાથરોલ), રાજેશભાઈ પરમાર (લોલાસણ) અને શંકરભાઈ સોલંકી (પુંસરી)ની નિમણુંક કરવામાં આવી હતી.

## સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર દ્વારા ચતુર્થ સમુહલગ્ન યોજાશે

ગાંધીનગર, તા.૨૬

સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર દ્વારા ૨૪ નવેમ્બર ૨૦૧૯ના રોજ ચતુર્થ સમુહલગ્નનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ અંતર્ગત ૨૨મી નવેમ્બરના રોજ મહેંદી રસમ અને ૨૩ નવેમ્બરના રોજ રાતના ૮ કલાકે મ્યુઝિકલ પાર્ટી સાથે રાસ ગરબા અને સંગીત સંધ્યાનો કાર્યક્રમ યોજાશે. સાથે ૨૪ નવેમ્બરના રોજ સાંજે વરઘોડો, બેન્ડવાજા, આતશબાજી સાથે ધામધુમથી વરઘોડો કાઢવામાં આવશે. સાંજના ગોધુલીક સમયે લગ્નગીતની રમઝટ સાથે સમુહલગ્નનો કાર્યક્રમ યોજાશે. આ સમુહલગ્ન કાર્યક્રમમાં ફકત સમસ્ત બ્રહ્મસમાજના જે કોઈ વાલીએ લગ્ન કરાવવાની ઈચ્છા હોય તેમણે સમસ્ત બ્રહ્મસમાજ, સ્વામી સચ્ચિદાનંદજી બ્રહ્મભવન, સે-૬ સોમનાથ મહાદેવ મંદિર ખાતે સંપર્ક કરી ફોર્મ મેળવી ૨૪ ઓકટોબર ૨૦૧૯ સુધીમાં પરત કરવા સંસ્થા દ્વારા જણાવાયુંછે. વધુમાં વધુ ૧૫ લગ્ન કરવાનું આયોજન કરવામાં આવ્યું હોવાથી વહેલા તે પહેલાના ધોરણે ફોર્મ સ્વીકારવામાં આવશે તેમ સંસ્થાના પ્રમુખ પિનાકીન રાવલ તથા મહામંત્રી નરેશ દવે દ્વારા જણાવાયુંછે.

# અગોરા મોલ પાસે કારની ચાવી ખોવાઈ...ને બે કલાકમાં કાર ચોરાઈ

## પરિવાર સાથે અગોરા મોલ ખાતે જમવા માટે આવ્યા હતા

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર નજીક સુઘડ પાસે આવેલા અગોરા મોલની સામેની બાજુએથી કાર ચોરીનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. અમદાવાદ મોટેરા ખાતે વસવાટ કરતા અને નિરમા યુનિવર્સિટીમાં પ્રોફેસર તરીકે ફરજ બજાવતા વિનિત કોઠારી (ઉં.વ.૨૮) પરિવાર સાથે જમવા માટે અગોરા મોલ ખાતે આવ્યા હતા. રવિવારે રાત્રીના પોણા દશ વાગ્યાના અરસામાં તેઓ જી.જે.૦૧.આર.બી.-૮૯૫૧ નંબરની અલ્ટો કાર પાર્ક કરીને જમવા માટે ગયા હતા. એક કલાક બાદ તેઓ જમીને પરત ફર્યા હતા. ત્યારે કારની ચાવી ખિસ્સામાં ન હતી. જેથી તેઓ તાત્કાલીક હોટલ ખાતે પરત ગયા હતા, પરંતુ ત્યાં ચાવી મળી ન હતી. કારની ચાવી માટે આસપાસમાં એક કલાક શોધખોળ કર્યા પછી પત્ની અને બાળકો રીક્ષામાં બેસીને ઘરે ઉતરીને રાત્રે ૧ વાગે બાઈક લઈને પરત આવ્યા હતા ત્યારે ગાડી ગાયબ હતી. બે દિવસ પોતાની રીતે શોધખોળ કર્યા બાદ આખરે તેમણે રૂ.૫૦ કિંમતની ચોરી અંગે અડાલજ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવતા પોલીસે સીસીટીવી ફુટેજની ચકાસણી કરીને તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.

# આઠ વાહનોને અડફેટે લેનાર આરોપીની ધરપકડ

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર અમદાવાદ માર્ગ પર કોબા સર્કલ થી તપોવન સર્કલ સુધીના માર્ગ પર આઠ જેટલા વાહનોને અડફેટે લઈ એક મહિલા પીએસઆઈ સહિત ૧૫ થી વધુ નાગરીકોને ઈજા પહોંચાડનાર કાર ચાલકની અડાલજ પોલીસે ધરપકડ કરી છે. આ બનાવમાં આરોપી પણ ઈજાગ્રસ્ત થતા સારવાર હેઠળ હતો.ત્યારે બુધવારના રોજ રાત્રીના સમયે તેને હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવતા અડાલજ પોલીસે તેની ધરપકડ કરી છે. પોર ગામનો જગદીશ નવઘણભાઈ ઓડ (ઉં.વ.૩૦) ડમ્પર ચલાવવાનું કામ કરી છે.ત્યારે પોલીસની પ્રાથમિક પુછપરછમાં ધ્યાને આવ્યું છે કે તે સમયે આરોપીને બે દિવસના ઉજાગરા હતા. અને તેને કોઈની પાસેથી રૂપીયા લેવાના હતા ને વાયદા મુજબ રૂપીયા ન મળતા તે રોષે ભરાયો હતો. આ સમસ્યાઓની વચ્ચે તેને નશો કર્યો હતો અને નશાની હાલતમાં સૌથી પહેલા તેને કોબા પાસે હેડકોન્સ્ટેબલની કારને ટક્કર મારી હતી અને ત્યારબાદ તે ગભરાઈ જતા એક પછી એક અકસ્માત સર્જાતા ગયા હતા.

# એલેન કેરિયર ઈન્સ્ટિટયુટ ખાતે મેડિકલ-ઈજનેરી પ્રવેશ પરીક્ષાઓ માટેની સૌથી મોટી કોમ્પ્યુટર લેબનો પ્રારંભ

## ઈન્ફોસિટી ખાતેના એલેન કેરિયર ઈન્સ્ટિટયુટના સેન્ટર પર ૭૦ કોમ્પ્યુટર્સ સાથેની લેબમાં જેઈઈ મેઈન, જેઈઈ એડવાન્સ અને એઈમ્સની તૈયારીઓ કરવી સહેલી બની






ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર ખાતે એલેન કેરિયર ઈન્સ્ટિટયુટ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીઓ માટે સંસ્થાના વિદ્યાર્થીઓ માટે સૌથી મોટી કોમ્પ્યુટર લેબની શરૂઆત કરવામાં આવી છે. જેમાં ૭૦ કોમ્પ્યુટર્સ લગાડવામાં આવ્યા છે. નવી અદ્યતન કોમ્પ્યુટર લેબને કારણે એલેન કેરિયર ઈન્સ્ટિટયુટના વિદ્યાર્થીઓ માટે જેઈઈ મેઈન, જેઈઈ એડવાન્સ અને એઈમ્સ વગેરેની તૈયારીઓ કરવી વધુ સરળ બનશે.

એલેન કેરિયર ઈન્સ્ટિટયુટના અમદાવાદ-ગાંધીનગર સેન્ટર્સ સેન્ટર હેડ સુમિતા ગુપ્તાએ જણાવ્યું હતું કે 'અમે અમદાવાદ અને ગાંધીનગરની પ્રથમ એવી ઈન્સ્ટિટયુટ છીએ જયાં વિદ્યાર્થીઓ માટે ઈન હાઉસ, કોમ્પ્યુટર લેબ બનાવવામાં આવી છે જે ૭૦ કોમ્પ્યુટરથી સજ્જ છે અને ટૂંક સમયમાં ૨૦૦થી વધુ કોમ્પ્યુટર સાથેની શરૂઆત કરવામાં આવશે.' આ પ્રસંગે તેમણે વધુમાં જણાવ્યું હતું કે 'અમારો આ પ્રકારની કોમ્પ્યુટર લેબ શરૂ કરવા પાછળનો હેતુ ખૂબ જ સ્પષ્ટ છે, અમે ઈચ્છીએ છીએ કે જેઈઈ મેઈન, જેઈઈ એડવાન્સ અને એઈમ્સ જેવી ઓનલાઈન પરીક્ષાઓની તૈયારીઓ કરવા અમારી સંસ્થાના બાળકોને ઈન્સ્ટિટયુટની બહાર ન જવું પડે અને તેઓ અહીં રહીને જ કોમ્પ્યુટર પર તૈયારીઓ કરી શકે જેથી વધુ ધ્યાન કેન્દ્રિત કરી ભણી વધુ આગળ વધી શકે.'

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, 'એલેન કેરિયર ઈન્સ્ટિટયુટ પાસે કુશળ અને સંપૂર્ણ સમર્પિત ફેકલ્ટી ટીમ છે જે મેડિકલ અને એન્જિનીયરીંગ પ્રવેશ પરીક્ષા માટે શ્રેષ્ઠ શિક્ષણ આપવા પ્રતિબધ્ધ છે. વિદ્યાર્થીઓને જે શ્રેષ્ઠ શૈક્ષણિક સપોર્ટ અને વ્યકિતગત સંભાળ આપીએ છીએ તે તેમની કારકિર્દીના લક્ષ્યો અને ઉદ્દેશો પુરા કરવામાં મદદરૂપ થાય છે. એલેન અમદાવાદ એઆઈપીએમટી નીટ, એઈમ્સ, ગુજકેટ જેવી તબીબી-ઈજનેરી પ્રવેશ પરીક્ષા માટેની પ્રખ્યાત અને પ્રીમિયર સંસ્થા છે.'

## આજે ગાંધીનગરમાં

● રૂદ્રાભિષેક મંડળ દ્વારા સે-૨૧ સ્થિત વૈજનાથ મહાદેવ ખાતે સાંજે ૫ કલાકે રૂદ્રપાઠ યોજાશે.

## ચિરવિદાય

● સ્વ. વાઘેલા અમરસિંહ નાથુભા, ઉ.વ. ૭૮
● સ્વ. ઝાલા રવિન્દ્રસિંહ નવલસિંહ, ઉ.વ. ૪૧
● સ્વ. ઠાકોર પ્રતાપજી જીવણજી, ઉ.વ. ૫૫
● સ્વ. ઠાકોર પ્રહલાદજી શનાજી, ઉ.વ. ૬૦